## કંઈ ન કરો અને ખૂબ કમાવો

દવાની માહિતી નિચે આપેલી છે પણ, રોગ શા માટે થાય? અને ૯૦૦ ટકા નફો કેવી રીતે મળે છે? એ માહિતીઓ પ્રથમ વાંચો અને ઘરમાં કે અગાસીમાં એનો ઉપયોગ કરીને ફાયદો લો.

ખાવુ છે બધાને પણ ઉગાડવુ કોઇને ગમતુ નથી!! કારણકે લોકો સ્વપ્નામાં પણ વિચાર નથી કરી શકતા કે ખેડ, ખાતર, દવા અને નિંદામણ વગર પણ ખેતી કરી શકય છે. ૧૯૬૦ થી આજ સુધી મારા સ્વ. શ્રી ભાસ્કર હિરાજી સાવેજીના મત પ્રમાણે 'ભગવાન' ના રચેલા ચક્રો ખેતીના બધાજ કામો મફતમાં કરી આપે છે. છેલ્લા ૫૭ વર્ષથી સાવેજીનો પરિવાર એમના પિતાએ શોધેલી સજીવ ખેતી પધ્ધતીથી વિક્રમી ઉત્પાદન મેળવે છે.

સાવેજી પોતાના ૧૫ એકર કલ્પવૃષ ફાર્મમાં પહેલા આધુનિક કૃષિની મદદથી ખેતી કરતા હતા. પણ ૧૯૫૭ માં, તેમને એ પધ્ધતીમાં બહુજ મોટુ નુંકશાન થયું અને ત્રણજ વર્ષનાં સમયમાં આધુનિક કૃષિનાં બધાજ ખરાબ પરિણામોની માહિતી સાવેજીને મળી ગઇ હતી. એમને તે વખતે જ સમજાય ગયું હતું કે, ખેતીમાં નુકશાન થવાનું કારણ મારી ઓછી મહેનત કે જમીનની ફળદ્રુપતા જવાબદાર ન હતી પણ આધુનિક કૃષિની માયાજાળ અને એની કાર્ય-પદ્ધતિ જવાબદાર હતી.

ડુંગર ઉપર વિકસતા છોડ-ઝાડના અવલોકનથી સાવેજીને જાણવા મળ્યું હતું કે, ત્યાં ખેડ, ખાતર, પાણી, પાક રક્ષણ કે નિંદામણ વગર, દર વર્ષે એક ધારું અને એક સરખું જ ઉત્પાદન મળે છે. એ ઉત્પાદન વગર ખર્ચે કઇ રીતે મળે છે? એ બધાજ કારણો સાવેજીએ શોધી કાઢયા. સાવેજીએ જોયું કે, જંગલમાં 'ભગવાન' ના ગોઠવેલા ચક્રોના કામમાં કોઇપણ દખલગીરી થતી નથી. એ ચાલતા ચક્રનો ઉંડો અભ્યાસ કરીને એની મદદ લીધી અને ૧૯૬૦ માં સાવેજી એ એક નાનો સજીવ ખેતીનો પ્રયોગ કર્યો હતો. એ પ્રયોગ કરવામાં ખેતીનું ઉત્પાદન ૫૦ ટકા ઘટી ગયું, તે છતાં નફો બહુજ થયો! એ કેવી રીતે?

આધુનિક ખેતી કરવામાં સાવેજીને રૂ.૧૦૦/- ની આવક માટે રૂ. ૮૦/- નો ખર્ચ થતો હતો અને નફો ફક્ત કોઇકવારજ રૂ. ૨૦/- નો મળતો. કુદરતી ચક્રોની મદદ લઈને નવા પ્રયોગમાં રૂ.૫૦/- ની જ આવક થઈ, પણ એ ખેતી કરવા માટે સાવેજીએ ફકત પાણીજ સિંચન કરેલું તેથી એ મજુરીના ફક્તં રૂ.૧૦/- નો ખર્ચ થયો હતો. આ રીતે સાવેજીને રૂ.૪૦/- નો નફો અને ઝેરથી મુકત નિરોગી જીવન મળે તેવું ઉત્પાદન મળ્યું હતું. આ પ્રયોગ જોયા અને જાણ્યા પછી, અભણમાં અભણ માણસ પણ સમજી જાય કે, એને આધુનિક ખેતી વાળાઓ ઉઠા ભણાવીને બેહદ ખર્ચ કરાવે છે અને એની પાસે ફક્ત ઝેરી ઉત્પાદનજ તૈયાર કરાવે છે, એ રોગ થાય એવું ઉત્પાદન જોઇએ છે? કે પછી સજીવ ખેતી કરીને, નફા સાથે નિરોગી જીવન મળે એવું શુધ્ધ ઉત્પાદન જોઇએ છે? સજીવ ખેતીની બાબતો સમજીને ઘરની ગેલેરી કે અગાસીમાં કુંડા કે પાલ્સટીકની બેગમાં વાવેતર કરીને તમે ફક્ત પાણીથી ઘર માટેની શાકભાજી ઉગાડી શકો છો.

સાવેજીએ અનેક વર્ષોની મહેનત અને કુદરતી ચક્રોનાં વિજ્ઞાનને સમજીને સફળતા મેળવી હતી. આ સફળતા પછી સાવેજીનું કહેવું હતું કે, **મારા માટે મારા ખેતરો એજ મારી પાઠશાળા, વિધાપીઠ કે કૉલેજ છે, જયાં મને પ્રત્યક્ષ કામ દ્વારા ખરું જ્ઞાન મળ્યુ.**

આજે શ્રી સાવેજીની સજીવ ખેતી-પદ્ધતિનું સંશોધન અને જ્ઞાન એ ખેડૂતો માટે વરદાન છે કારણકે, એ ખેતી દ્વારા મળેલા ઉત્પાદનથી **શરીરને જોઈતા બધાજ ૧૨ પોષક તત્વો મળી જાય**

**છે.** સજીવ ખેતીથી નિરોગી જીવન મળે છે સાથેસાથે પર્યાવરણની રક્ષા પણ થાય છે. સૌથી મોટો ફાયદો એ છે કે, ઓછામાં ઓછા પાણી, મહેનત, રોકણ અને કોઈપણ ખેતીના જ્ઞાન વગર નફો મેળવી શકાય છે અને પાંજરાપોળમાં વગર ખર્ચે દેશનું પશુધન બચાવી શકાય છે.

સાવેજી જણાવતા કે, તમારા કામો કોઇ મફત કરી આપતું હોય તો એને તમે સહયોગ કરશો કે પછી વારંવાર તમે દખલગીરી કરશો? આજે આધુનિક કૃષિ અને વિજ્ઞાનથી 'ભગવાન' નાં દરેક કામોમાં લોકો અને ખેડૂતો દખલગીરી કરે છે માટે સાવેજી જણાવતા કે, તમે કોઈપણ પ્રકારની ખેતી કરો એ મુખ્ય પાંચ બાબતો ઉપર થાય છે. એ પાંચે કાર્ય 'ભગવાન' ના ચક્રો ખેડૂતને મફતમાં કરી આપે છે. ટુંકમાં સજીવ ખેતી કરતાં સાવેજીને થયેલા અનુભવો નીચે પ્રમાણેના છે.

**૧) ખેડ** : 'ભગવાન' એ રચેલી જીવ સૃષ્ટી, એમાં પણ મુખ્ય રૂપે અળસિયા એ પોતાની કાર્ય-પદ્ધતિથી જમીનમાં હવા-પાણીની આવ-જા થાય તે માટે સુરંગ જેવા નાના-નાના છિદ્રો પાડે છે. પોતાની હગારથી જમીનની ફળદ્રુપતા વધારે છે અને એટલે જ **અળસિયું એ તો ખેડૂતનો મિત્ર કહેવાય છે.** ખેડૂત માટે અળસિયા ટ્રેક્ટર કરતાં પણ બહુજ સુંદર અને મફત ખેડ કરી આપે છે, જયારે આધુનિક ટ્રેક્ટરો તો તેલ (ડીઝલ) ખાઈને જમીન અને પર્યાવરને બને બગાડે છે.

**૨) ખાતર** : જમીનની ફળદ્રુપતા વધારવા, સુકા પાંદડા, છાણ, ઘર-ઘરમાંથી નિકળતો લીલો શાકભાજીનો કચરો એનો જ ખેતીમાં ઉપયોગ કરવામાં આવે છે. આ સેન્દ્રિય પદાર્થ ખાતર નથી પણ જમીનમાં રહેનારા સજીવોનો ખોરાક છે, એ ખાઇ તેનું રૂપાંતર કરીને સજીવો ઝાડ-પાનનાં ખોરાક માટે આપે છે. જયારે 'ભગવાન' ના સજીવો ખાતર મફતમાં આપતા હોય તો પછી રસાયણોથી ભરપૂર એવા **ઝેરી ખાતર ખરીદવાની મુર્ખતા શા માટે કરવી જોઇએ?**

**૩) પાણી** : મોટા ભાગના ખેડૂતો પાણીનો બેફામ ઉપયોગ કરે છે જેને કારણે મૂળિયા ગુંગળાઈને નાશ પામે છે અને આ રીતે પાણીનાં દૂર ઉપયોગને કારણે આજે પાણી અનેક ફૂટ જમીનમાં નીચે ગયું છે. પાળા, નિક અને ક્રોટન-શોભા માટેના છોડનાં મળેલા સુચન બાદજ ઝાડથી ૧૨ થી ૧૫ ફૂટ દૂરથી પાણી આપવામાં આવે છે, જેને કારણે ૮૦ ટકા પાણીની બચત થાય છે. આ કાર્યપદ્ધતિને કારણે કોઈપણ જાતની મહેનત, ખર્ચ કે જમીન બગાડ્યા વગર કૂવા અને બોરવેલનાં પાણીનાં ભંડારમાં વધારો થાય છે. ટુંકમાં સજીવ ખેતી કરવામાં પાણી નહી પણ **છોડ-ઝાડને ફકત ભેજ મળે તે જરૂરી છે.**

**૪) પાક રક્ષણ** : પાકના રક્ષણ અને પાકથી જીવ-જંતુને દૂર રાખવા માટે કડવો લીમડો, તુલશી, ગૌમુત્ર અને ઉગ્ર વનસ્પતિ કે જેને બકરી પણ ન ખાતી હોય તેનું બનાવેલું દ્રાવણ જરૂર હોય તોજ વાપરવું જોઇએ કારણકે, કુદરતે પોતેજ પાક રક્ષણ માટે લાલ કીડી, કરોળીયા, ગરોળી, દેડકા જેવા જીવોની રચના કરી છે, જે પોતાના વજન કરતા પણ વધુ જીવોને એક જ દિવસમાં ખાઈ જાય છે. ઘુવડ જેમ ઉંદરનો શિકાર કરે છે તેમ અનેક પક્ષી અને સજીવો પણ પોતપોતાને આપેલા કામો સારી રીતે પરીપૂર્ણ કરતા હોય છે. આધ્યત્મિક રીતે વિચારીએ તો દરેક ધાર્મિક ગ્રંથોમાં જણાવ્યું છે કે આપણે બધા આ પૃથ્વીનાં રક્ષક તરીકે ખાલી હાથે આવ્યા છીએ અને ખાલી હાથે પાછા જવાનું છે, માટે સુખેથી જીવો અને બીજાને પણ જીવવા દો. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ પ્રભુજીઓ એમના કામો બરોબર ચલાવે છે તો પછી, પ્રભુનાં એ કામોમાં આપણે દખલગીરી શા માટે કરવી જોઇએ? ઝેરી દવાઓ છાંટીને નિર્દોષ જીવોની હત્યા કરીને, પાપોની ગઠરી શા માટે બાંધવી જોઇએ? **જાણતા કે અજાણતા એ કરેલા પાપોને કારણે, જીવનમાં અનેક પ્રકારે દુ:ખો તો આવે જ છે.**

**૫) નિંદામણ** : પાક સાથે વારંવાર ઉગનારા ઘાસને ખેડૂતો માથાનો દુ:ખાવો અને દુશ્મન સમજે છે, પણ ખરેખર તો **ઘાસ એ તો 'ભગવાન' નું મોટું એક વરદાન છે.** 'ભગવાન' એ મૂળિયાઓને એક શકિત આપી છે જેના દ્વારા એ પોતાના પરિવાર માટે પાણી, જરૂરી કાચોમાલ

અને નાઈટ્રોજનની ગાંઠો બનાવીને રાખે છે. ખેડૂત જેને દુશ્મન સમજે છે એ જ ઘાસ, ધરતી માતાના કપડા અને મૂળિયા દ્વારા સુરક્ષીત રાખેલા ભંડારને સૂર્યનાં તાપથી બચાવવાનું કામ કરે છે. ઘાસને કોઈપણ દિવસ ઉખેડીને કાઢવું નહી. માથાના વાળ કાપીએ છીએ એ રીતે, જરૂર હોય ત્યારેજ ઘાસને કાપવું અને એ કાપેલા ઘાસનો ઉપયોગ પશુનાં ખોરાક માટે કરવો જોઇએ. એ ઘાસને કારણે, પશુધન પાસેથી ખેતી માટે છાણ મળશે, પાક રક્ષણ અને રોગોને મટાડવા માટે ગૌમુત્ર મળશે, દૂધ અને ટ્રાન્સપોર્ટ માટે બળદો મળશે. આટલા બધા ફાયદા મળવા છતાં પણ પશુધન તો કતલખાની લાઇનમાં ઉભુ છે!! વાહ ભારત દેશ વાહ, શું પ્રગતી છે.

સાવજી તો ગાંધીજીનાં ભગત હતા અને બાપુની જેમ એક સમાજ અને વિશ્વ બંધુત્વની ભાવના રાખતા. એમની આ ભાવનાને કારણે દેશ–વિદેશના અનેક વિધ્વાનોએ સાવેજીને ભારતના બીજા ગાંધીજીની પદવી આપી હતી અને ભારતમાં અનેક સંસ્થાઓએ પુરષ્કાર પણ આપેલા છે. પુરષ્કારની માહિતી પાછળ Achievements ના વિભાગમાં આપેલી છે.

ખેડૂતો અને અન્ય લોકો એમની ખેતી પદ્ધતિ જોવા આવે છે અને ખર્ચ વગર મળતાં ભરપૂર ઉત્પાદન જોઈને સંતોષ મેળવે છે, પણ આધુનિક ખેતીને છોડીને સજીવ ખેતી તરફ વળવા માટે ખેડૂતો ડરે છે. કારણકે આજના ખેડૂતો આધુનિક કૃષિની માયાજાળમાં બરોબરના ફસાયા છે. શાહુકાર તેમજ બેંકનાં કર્જામાં ખેડૂતો પૂરેપૂરા ડૂબેલા હોય છે અને એટલે જ સજીવ ખેતી કરવા માટે ડરે છે. આમ તો બધાજ લોકો જાણે છે કે, નિરોગી જીવન માટે નિરોગી ખોરાક જોઈએ છે તે છતા રાસાયણિક ખાતર અને ઝેરી દવા છાંટીને ઉગાડેલા ખોરાકને જાતજાતના ઝેરી મસાલાઓ નાખીને વધુ ને વધુ ઝેરી બનાવીને ખાય છે. એવા સ્વાદ વગરનો ઝેરી ખોરાક ખાવાથી માનવી રોગીષ્ટ થયો છે અને રોગ, અશકિત અને આધુનિક દવાને જોરે આમ ને આમજ જીવી રહ્યા છે, આ રીતે રોગથી પિડાતા પિડાતા હજુ કેટલા દિવસ જીવીશું?

હું અશોક સંઘવી ૨૧ વર્ષની મારી નાની ઉમરમાં બજારમાં મળતા ઝેરીથી ઉગાડેલા ખાદ્યા ખોરાકો ખાઇને બિમાર થયો હતો. એકવાર કેંસર મટે પણ દુનિયામાં જેની દવા નથી એવા કહેવાતા ફરતો વા અને સાંધા દુઃખાવાનાં રોગથી હું પીડાવા લાગ્યો હતો. કુદરતી ઈલાજ અને શુદ્ધ ખોરાકને મેળવવા માટે એક વ્યાપારી હોવા છતાં મે ખેતી તરફ જવાનો વિચાર કર્યો હતો, પણ મને તો કૃષિનો અ, બ, ક પણ આવડતો નહી. સાવેજીની વાડીની મુલાકાત લીધા બાદ અને સજીવ ખેતીની વાતોથી હું પ્રભાવિત થયો. અમારી સંઘવી ફાર્મ ઉમરગામની ૨૪ એકર પડતર અને ખરાબાવાળી જમીન ઉપર મે સાવેજીની સજીવ ખેતી–પદ્ધતિની શરૂઆત ૧૯૮૭ માં કરી હતી. સંઘવી ફાર્મની જમીનમાં ઘાસનું તણખલું પણ ઉગતું નહી, એવી પડતર (વેસ્ટ લેન્ડ) જમીનમાંથી ઓછામાં ઓછા ખર્ચે, મહેનતે અને ફકત પાણીના ભેજથી, સાવેજી એ ફક્ત ચારજ મહિનામાં મને ભરપૂર નિરોગી ઉત્પાદન કાઢીને આપ્યુ હતું. મને સજીવ ખેતીના ઠોસ પૂરાવાની સાથેસાથે ભરપૂર નફો પણ મળ્યો હતો અને એને કારણે ખર્ચ વગર અને ફક્ત પાણીના ભેજથી સૌવથી વધુ નફો મેળવનાર ખેડૂત તરીકે **લિમકા બુક ઓફ રેકાર્ડ** માં અમારુ નામ લખાયુ છે. સાવેજીની કાર્યપદ્ધતિને સફળતા પૂર્વક પાર પાડનાર હતાં **સાવેજીનાં પુત્ર શ્રી નરેશ અને શ્રી સુરેશ સાવે.** એ સંઘવી ફાર્મનાં નિરોગી ઉત્પાદનો ખાધા પછી મારા અને મારા સંઘવી પરિવારના લગભગ બધાજ રોગો મટી ગયા હતા.

મને સજીવ ખેતીની મહત્વતા સમજાગઇ હતી અને સાવે ગુરૂજીને કારણે મને સજીવ ખેતીનું જ્ઞાન પણ મળ્યું હતું. પર્યાવરણની રક્ષા કરવા અને લોકોના નિરોગી જીવન માટે મને એક માર્ગ દેખાયો. જે જૈન કે વૈષ્ણવ સમાજના આર્ચાય કહે છે કે ખેતી કરાય જ નહી!! કારણકે ખેતી

કરવામાં જીવોની હત્યા થાય છે. સિક્કાને હમેશા બે બાજુ હોય છે, જો ઉગાડનાર પાપી હોય તો એ ખાનાર પણ પાપી જ કહેવાય. મારે તો સાવેજીની બિલ્કુલ જીવ હત્યા થતી નથી એવી હિંદુ સંસ્કૃતીની અને સરળ સજીવ ખેતી પધ્ધતીના ઠોસ પુરાવા દેખાડવા છે અને સાથેસાથે સમાજાવા પણ છે. દેશનાં ખેડૂતો એ પ્રમાણે ખેતી કરશે તો, ખેડૂતની આત્મહત્યાથ રોકાઇ જશે, ખર્ચ વગર દેશનું પશુધન બચશે અને દેશ ઉપર જે વિદેશી કર્જો છે એ ફક્ત ત્રણ વર્ષમાં આપી ભારત પાછો ખેતી પ્રધાન દેશ બની જશે. એ કાર્યને શરૂકરવા માટે અમે સાવે-સંઘવી એ દર શનિવારે લોકોને ફાર્મની મુલાકાતે આવવાનું આમંત્રણ આપ્યું અને મળેલાં નફાનાં પૂરાવાઓ દેખાડીને ૧૯૬૦ થી સમાજને અમે અમારી મફત સેવા આજે પણ આપી રહ્યા છીએ.

આજના સમયમાં આવક કરતા જાવક વધુ છે. ખેતી પ્રધાન દેશનાં લોકોએ ખેતી છોડી નોકરી કરવા લાગ્યા છે. ઘરની જરૂરિયાતો પુરી કરવા માટે બેંકની લોન અને કેડીટ કાર્ડ લીધા છે. કર્જા હેઠળ જયારે દબાઈ જાય છે ત્યારે દિવસ-રાત ગધેડાની જેમ કામ કરતા કરતા માંદા પડે છે. ત્યાર બાદ ખોવાયેલું નિરોગી જીવન મેળવવા ડૉકટરનાં પગે પડે છે. આધુનિક દવા સાથે શરીરના મહત્વ અંગો કપાવીને જીવનભર દુ:ખીના દુ:ખી જ રહે છે. આજે ગોતવા જઇએ તો એક પણ માણસ નહી મળે જેને જીવનમાં વિલાયતી દવા ખાધી ન હોય. આટલી બધી પાયમાલી થયા પછી, જીવનમાં શું બોધપાઠ મળ્યો? એક કહેવત બહુજ પ્રચલીત છે, જૈનોના પૈસા જાય પથ્થર મંદિરો(બાંધવા)માં, વૈષ્ણવના જાય થાળ(પ્રસાદ)માં, દરબારના જાય થાણા (પોલીશ ચોકી)માં અને ગરબીના પૈસા જાય દાણા (અનાજ)માં. આ કહેવતનો સીધો અને સરળ ઉપાય છે કે, જે 'ભગવાન' એ ધનવાનને ભરપૂર સંપતી આપી છે, એ પૈસાથી, ન જોઇતા મંદિરો, પ્રસાદ, દવાખાના કે પાંજરાપોળ બાંધવા જેવા ખોટા કામો પાછળ ખર્ચે છે. હવે ખરેખર સેવાજ કરવી હોય અને 'ભગવાન' ને જોવા, જાણવા અને સમજવા હોય તો અમારી વાડીની એકવાર મુલાકાત લો. ખરા 'ભગવાન' ના દર્શન થાય ત્યાર પછીજ, તમારા પરિવાર અને સમાજને સાચો માર્ગ બતાળવા તમારા પૈસાનો સદઉપયોગ કરો અને અન્ય લોકોને કુદરત તરફ પાછા વાળી ભારતને ખેતી પ્રધાન દેશ બનાવો અને અસાધ્ય રોગો મટાળવા મદદ કરો.

આજે જરૂરી છે, પર્યાવરણની રક્ષા કરવાની, કુદરતી ઈલાજ માટેની માહિતી આપવાની, હીંદુ સંસ્કૃતીની સાચી ઓળખ કરાવવાની અને રાજા ઋષભ (જૈનોના પ્રથમ દેવ)ની અસી-મસી અને સજીવ કૃષી - ખેતીનું જ્ઞાન આપવાની. ભારત કે વિશ્વમાં એકપણ સાચુ જ્ઞાન આપે એવી સ્કુલ કે કૉલેજો નથી. જ્યારે સાચુ માર્ગદર્શન નથી મળતું એટલેજ અને નાછુટકે લોકોએ દવા અને આધિનુક કૃષિથી ઉગાડેલા ખાધા ખોરક ખાવા પડે છે અને પીડાથી પિડાઇ પિડાઇને સમય પહેલા જ મરવુ પડે છે. ધનવાનો જો આ કામમાં સાથ આપવા તૈયાર થાય તો અમે અમારી જમીન વિધ્યાલય બાંધવા આપવા તૈયાર છીએ.

સાવેજી દરેકને કહેતા કે, ખેતી એ ધધોં નહી પણ એક ધાર્મિક કાર્ય છે. આ બાબત સિધ્ધકરવા અને અમારા આર્થિક બળથી સમાજને સાચુ જ્ઞાન મળે એ માટે, સાવે પરિવારનાં ભાઈઓ, હું અશોક સંઘવી અને ભરત મનસાટા એ સજીવ અને કુદરતી ખેતીનું પ્રશિક્ષણ કેન્દ્ર, કલ્પવૃક્ષનાં ફાર્મની ઉપર શરૂ કરેલ છે. આ કેન્દ્રમાં ૨૦ લોકોને ઠોસ પુરાવા દેખાડી, સમજવી, થયેલા રોગ મટાળવાની જાણકારી, બગાડી નાખેલી જમીનને ખર્ચ વગર કઈ રીતે સુધારવી અને ઓછામાં ઓછો ૯૦૦ ટકા નફો કેવીરીતે કરવો? એની ઠોસ માહિતીઓ આપવામાં આવે છે. જો આપને સાવેજીની સજીવ ખેતી શિખવી હોય તો આ વેબસાઈટમાં આપેલા Training Classes માં આપેલા ફોમને ભરીને નામ લખાવવા વિનંતી છે.

આધુનિક ખેતીથી બગાડી નાખેલી જમીન અને પર્યાવરણ, સાવેજીની સજીવ ખેતી પધ્ધતીથી સુધરી શકે છે અને વગર ખર્ચે પશુધન પણ બચી શકે છે. એજ રીતે આધુનિક ઉપચાર, ઝેરી દવા ખાઇને બગાડી નાખેલું શરીરને ફક્ત ૧૫ દિવસમાં રોગ મુક્ત કરવા નીચેની માહિતી વાંચો.

**<u>૧૨૦૦ રોગ ફક્ત ૧૨ દવાથી મટે છે.</u>** 'ભગવાન' એ માનવ શરીર મુખ્ય ૧૨ તત્વો કહો કે ક્ષાર એનાથી બનાવ્યુ છે. આ ૧૨ ક્ષાર માંથી એકપણ ક્ષાર ઓછો કે વધી જાય એને આપણે રોગ સમજીએ છીએ, કયા ક્ષારની શરીરને જરૂરીયાત ઉભી થઇ છે, એ ભરપાઇ કરી દેવાથી કોઇપણ રોગ મટે છે એ આ શાસ્ત્રનું માનવું છે. આ ૧૨ નિર્દોષ દવાઓ ૨૦૦ વર્ષ પહેલા જર્મનીનાં ડોકટર સુસ્લર એ શોધી છે. આજે થયેલા રોગોને મટાળવા માટે લોકો વિલાયતી દવાનો બેફામ ઉપયોગ કરે છે અને એ કર્યા પછી પણ, ભંયકર રોગોથી પિડાય છે. જીવનમાં એકવાર પ્રેસરની ગોળી શરૂ થઇ કે પછી આખી જીદંગી ગોળી ખાવાની સલ્હા મળે છે! આ વિલાયતી દવા સાચી હોત તો અમુક દિવસમાં રોગ મટત પણ મટવાની બદલે ઉલટાની એ દવાની આડઅસરથી પથરી, પેશાબ અટકવો કે પછી બીજા અનેક મહારોગો થાય છે.

મેં તો જીવનમાં આજ ૧૨ દવાઓનો જ ઉપયોગ કરીને મારા ૧૦૩ વર્ષના બા, મારા સંઘવી પરીવારના સભ્યો અને અનેક મિત્રોના રોગો મટાડાયા છે. **<u>'માનવ સેવા એતો પ્રભુ સેવા છે'</u>** માટે જ સમાજ આ નિર્દોષ દવા વાપરી શકે અને રોગમુક્ત થાય એ ભાવનાથીજ બજારમાં મળતી અનેક ડોકટરની લખેલી માહિતીઓ વાંચી આ નિર્દોષ દવાઓ છેલ્લા ૪૦ વર્ષથી હું વાપરૂં છું. તમને મારી વાતમાં વિશ્ર્વાસ આવતો હોય તો ટૂંકમાં એ દવા લેવાની માહિતી મેં નીચે આપી છે એનો ઉપયોગ કરી જુવો અને ગમે તેવા ભંયકર રોગ અને પીડામાંથી મુક્ત થાવ.

એક મહત્વની વાત, જેને આત્મહત્યા જ કરવી છે એવા દારૂ, તમાકુ, સિગારેટ, ગુટકા અને માંસાહાર ખાનારને તો 'ભગવાન' પણ સારૂ નહી કરી શકે કારણકે, મા-બાપ પાસેથી મફત મળેલું શરીર એ કઇં કચરો ભરવાનો ડબ્બો કે કબ્રસ્તાન નથી કે ગમે તે ખોરાક શરીરમાં નાખવો. રોગ મટાડવા માટે પથ્ય અને કસરત જીવનમાં બહુજ જરૂરી છે. હું ડોકટર નથી તે છતાં ૭૦ વર્ષની ઉમરે, મારા ૪૦ વર્ષનાં અનુભવથી, આજ ૧૨ નિર્દોષ દવાઓ મે મફત આપી છે. રોગનું નામ ગમે તે હોય, ફક્ત ૧૫ દિવસમાં નીચે લખેલા દવાના નંબરથી મે અનેક રોગો સારા કર્યા છે કે પછી રોગની પિડામાંથી ભરપૂર રાહત અપાવી છે. હવે દવા આપવાનો સમય નથી મળતો એટલે મેળવેલી માહિતી આપના ચરણોમાં સર્મપ્તી કરી છે.

નિચે બાયોકેમિક ૧૨ દવાનાં નામ અને નંબરો આપ્યા છે, એ નંબરો બાટલી ઉપર લખી રાખવા, જેથી દવા તરત ઓળખી શકાય. દવાના નામ પાછળ તારીખો લખી છે, એ સમયમાં જન્મેલાનો એ જીવનક્ષાર કહેવાય છે. વિશ્ર્વના અનેક ડોકટરની પુસ્તકમાંથી મે એ તારીખો લખી છે. આ દવાના ગુણધર્મો, કયા રોગોમાં ઉપયોગી છે? એ બાબતો મારી નવી પુસ્તકમાં વિસ્તાર પૂર્વક આપી છે અને આ વેબસાઇડમાં હિંદી તેમજ અને <u>Organic Medicines</u> વિભાગ જુવો.

**૧) કલ્કેરીઆ ફલોર (Calcarea Fluor - 6X - Dt. 21/06 to 20/07)** કેન્સર, ગોઇટર,ચીરા પડવા,ટયુમર,હરન્યા,હાઇડ્રોસીલ,કસુવાવડ,પાયોરીઆ,વેરિકોસ વેન્સ,પાઇલ્સ પર ઉપયોગી છે.

**૨) કલ્કેરીઆ ફોસ (Calcarea Phos - 6X - Dt. 21/12 to 19/01)** રીકેટસ, કમ્મર અને હાડકાનાં તમમત દર્દો, વાળ ખરવા, પથરી, વા, બાળકના દાંત માટે ઉપયોગી છે.

**૩) કલ્કેરીઆ સલ્ફ (Calacrea Sulph - 6X - Dt. 24/10 to 22/11)** ધાતુ નબળાઇ, વાંઝયાપણું, નામરદી, ભંગદર, બળગમ અને પરૂના રોગો પર ઉપયોગી છે.

૪) ફેરમ ફોસ (Ferrum Phos - 6X - Dt.19/02 to 20/03) ગમે તે પ્રકારના તાવ, એનીમીયા, ખાંસી, આખા શરીરમાં ઓકસીજન પુરુ પાડવા, વહી જતા લોહીને અટકાવામાં ઉપયોગી છે.

૫) કાલી મુર (Kali Mur - 6X - Dt. 21/05 to 21/06) હોજરી અને આંતરડાના તમામ રોગ, શરીરમાંથી ગમે તે જગ્યા પરથી સફેદ રંગનું નિકળતો સ્ત્રાવ, ખોળો, પ્રદરમાં ઉપયોગી છે.

૬) કાલી ફોસ (Kali Phos - 6X – Dt. 21/03 to 20/04) બ્રેન અને હાર્ટનું માહાન ટોનીક, વાયુનો ગોળો, અનિયમિત નાડી, દમ, નબળાઇ, સુંદર ઉંઘ માટે ઉપયોગી છે.

૭) કાલી સલ્ફ(Kali Sulph - 6X - Dt. 22/08 to 23/09) તમામ ચામડીના રોગની મુખ્ય દવા, બહેનોનું બ્યુટી અને ઘડપણ દુર કરી જવાની લાવનાર, કાનના રોગ, અજીણમાં ઉપયોગી છે.

૮) મેગ્નેશિયા ફોસ (Magnesia Phos - 6X - Dt. 21/07 to 21/08) ગેસ, કંપવાત, કુકર ખાંસી, ફિટ, હાંફણ, માથાનો દુખાવો, પેટના રોગ માટે ઉપયોગી છે.

૯) નેટ્રમ મુર (Naturm Mur - 6X - Dt. 20/01 to 18/02) જલંદર, સ્તનમાં પાણીની ગાંઠો, ટાઇફોડ, શરદી કે નાકમાંથી પાણી પડવુ, કોઇપણ જીવજંતુના કરડવામાં ઉપયોગી છે.

૧૦) નેટ્રમ ફોસ (Naturm Phos - 6X - Dt. 24/09 to 23/10) વાયુ, એસીડીટી, પથરી, કરમ, ડાયાબીટીસ, મોઢામાં ખાટુ પાણી આવવુ, સાંધાના દુખાવામાં ઉપયોગી છે.

૧૧) નેટ્રમ સલ્ફ (Naturm Sulph - 6X - Dt. 21/04 to 20/05) લીવર, કડવુ પીત, કીડનીના રોગ, પાણી જેવા ઝાડા, મેલેરીયા, ગળાના રોગમાં ઉપયોગી છે.

૧૨) સિલિશિયા (Silica - 6X - Dt. 23/11 to 20/12) ગમે તે પ્રરકારની ગાંઠો ઓગાળી નાખે, થનાર પરુને સુકવી દે, આંજણી, દરેક પ્રકારના નખના રોગમાં ઉપયોગી છે.

**શું ન ખાંવુ** : આ દવા પ્રભુજીની મોકલેલી એક પ્રસાદી છે માટે, આ દવા શરૂ કરતી વખતે, શરૂવાતના ઓછામાં ઓછા પંદર દિવસ માટે અને તમારા પોતાના જ શરીરની શુદ્ધીકરણ માટે શકય હોય તો બાફેલો ખોરાક, ફળ અને શાકભાજીનો સુપ લેવો ઉત્તમ છે. ખોરાકમાં લસણ-કાંદા, વધુ પડતુ તિખું, તળેલા કે કાચા મરચા, કોફી, આમલી, મેંદામાંથી તૈયાર કરેલો ખોરાક, બ્રેડ-બિસ્કીટ, મસ્કો, ચીઝ, ચોકલેટ, સર્વ પ્રકારની મિઠાઈ, બહારના અથાણાં, તૈયાર મસાલા અને ઢોકળા નો ઉપયોગ ન કરવો. ટૂંકમાં, જે સ્વાદમાં ખાટું હોય (જરા લીબું ચાલે) અને તળેલો ખોરાક બીલકુલ ન લેવો. ઠંડુ પાણી-કોલ્ડીંક, બજારનું દંહી, આઈસક્રીમ, દારૂ, તમાકુ, ગુટકા સિગરેટ, જંક ફુડ અને માંસાહારનો તો સંપૂર્ણ ત્યાગ કરશો તોજ તમે સારા થશો.

**શુભ પ્રભાત :** ઉઠીને વાસી મોઢે ૧ કે ૨ ગ્લાસ જરા ગરમ પાણી પીવું અને ત્યાર બાદ દાંત સાફ કરવા જોઇએ. બ્રશ થઇ ગયા પછી ત્રણ આંગળીથી જીભને જેટલી થાય એટલી બહાર કાઢીને અંદર જીભના મૂળ પાસે એ રીતે ઘસવી કે જેનાથી, પિધેલું પાણી ઉબકા દ્વારા બહાર નિકળી જાય. નિકળેલુ એ પાણી સ્વાદમાં ખાટું કે કડવું હોય છે. યાદ રહે, ફક્ત સવારના એકજ વાર ૪ થી ૬ વખતજ આ જીભ ઘસવાનો પ્રયોગ કરવો, બહુ ઉબકા કરવા નહી અને પાણી બહાર કાઢવાનો પ્રયત્ન પણ કરવો નહી, નહી તો શરીર માટે જે ઉપયોગી અને કામના પાચક રસ છે એ તમે બહાર કાઢી નાખશો. આ પ્રયોગ હું ૪૦ વર્ષથી કરું છું, એને કારણે શરૂવાતમાં ખાટુ પાણી નિકળતું જેને યુરીક એસીડ કહેવાય છે અને એ નિકળી જવાથી મારા સાંધાનો દુ;ખાવો, ફરતો વા મટી ગયો. પાણી પિવાને કારણે પેટ અને આંતરડા સાફ થવાથી કબજીયાત મટી ગઇ, આંખમાં પાણી આવવાતી ચશ્માના નંબર ગયા અને ૭૦ વર્ષે મોતીયો છુમંતર થઇ ગયો. ખરેખરતો રોજેરોજ પેટ સાફ કરવાની દવા લેવાથી માનવીનું આયુષ્ય ઘટે છે અને શરીર રોગનું ઘર થઇ જાય છે. કારણકે, કોઇપણ પ્રકારની પેટ સાફ કરવાની દવાઓ મળ સાથે શરીરમાં તૈયાર થએલા ઉપયોગી પાચક રસને પણ બહાર કાઢી નાખે છે. એને કારણે ધીરેધીરે આંતરડા ખેચાઇને લાંબા થઇ જાય છે અને હરણીયા થાય છે. પેટ સાફ

કરવાની દવાઓથી ઘણાને તો શરીરનું પાણી એટલું બધુ ઓછું થાય છે કે એમને મળ રોજ આંગળીથી કાઢવો પડે છે. મારી બિમારી માટે હું પણ વિલાયતી દવા લેતો એ દવા ખરાબ ન થાય એ માટે દવા બનાવનાર એમાં એસીડ નાખે છે એને કારણે પથરી થાય છે અને પેશાબ ઉતરવાનો ઓછો થઈ પ્રોસ્ટેજ અને કિડનીના રોગ થાય છે એ બધી બિમારી ફક્ત આ પાણી પીવાને કારણે દૂર થઇ ગઇ અને પેશાબ પણ છુટથી આવે છે. ઓકીને બ્રશ કરવાથી કિડની પણ સાફ થઇને, પેશાબ અને મળ છુટતી આવે છે. બ્રશ કર્યા પછી, તરત જ ખાલી પેટે દવા **નંબર ૪ / ૫ / ૮ / ૧૦** ની ગોળીઓ લેવી. ઉપર જણાવેલી માત્રા પ્રમાણે દવાઓ લેવી અને આ દવા સ્વાદમાં મીઠી છે જે દૂધના પાઉડરમાંથી બનાવેલી ગોળીઓને ચુસતા ચુસતા ગળવી. ગોળી લિધા પછી હળવી કસરતો કરવી અથવા ફરવા જવું અને પંદર મિનિટ બાદ નાસ્તો કરવો કે પાણી પીવું. સવારના ભરપૂર નાસ્તામાં દૂધ, ચા, ખાખરા પૌઆ, ઉપમાં, સેકિને તૈયાર કરેલો નસ્તો, રોટલી, આલુ પરાઠા, બાજરા કે મેથીના થેપલા, ભાતનાં મુઠીયા કે વેઢમાં લઈ શકાય છે. ફળમાં કાળી છાંટ પડેલા કેળા, ચીકું, પપૈયા, કલિંગર, સફરજન, સક્કરટેટી કે સુકોમેવો લઈ શકાય છે. સવારના નાસ્તાનાં ૩૦ મિનિટ પછી, દવા **નંબર ૨ અને ૬** ની ગોળીઓ લેવી.

**<u>બપોરનું જમણ :</u>** જમવાની ૧૫ મિનિટ પહેલા દવા **નંબર ૪ / ૫ / ૮ / ૧૦** ની ગોળીઓ લેવી. ૧૫ મિનિટ પછી જમવામાં સલાડ, રોટલી, શાક-ભાજી, દાળ ભાત જેવો ખોરાક ભરપૂર લેવો. ખાસ બાબત: બજારનું નહી પણ ઘરમાંજ સવારે મેરવેલું ફક્ત ૪ થી ૬ કલાકમાં જામેલું દંહી કે છાશ જરૂર લઇ શકાય છે. જમ્યાનાં ૩૦ મિનિટ પછી દવા **નંબર ૨ અને ૬** ની ગોળીઓ લેવી.

**<u>સાંજે :</u>** મારી પુસ્તકમાં લખેલી અને તમારી **રાશીમાં જે નંબર** આવતો હોય એ દવા જરૂર હોય તો લેવી અથવા તમારા રોગને જે દવા નંબરો લાગુ પડતા હોય એ લેવી. પંદર મિનિટ પછી જરૂર હોયતો સવારના નાસ્તા મુજબ બધું લઈ શકાય છે. જોઈએ તો સિંગ-ચણા-મમરા, ઇડલી, ડોસા અને બરફ વગરનો શેરડીનો રસ કે લીંબુ શરબત પણ લઈ શકાય છે.

**<u>રાત્રે જમવામાં :</u>** જમવાની ૧૫ મિનિટ પહેલા દવા **નંબર ૪ / ૫ / ૮ / ૧૦** ની ગોળીઓ લેવી. ૧૫ મિનિટ પછી, જમવામાં સુપ, ભાખરી, શાખ ખીચડીનો ઉપયોગ ૭૦ ટકા પેટ ભરાય એટલો જ કરવો. જમ્યા પછી ૧૫ થી ૨૦ આંટા મારવા, જેથી ગેસ નિકળી જાય. જમ્યાના ૩૦ મિનિટ પછી દવા **નંબર ૨ અને ૬** ની ગોળી લેવી, ત્યાર બાદ ફક્ત પાણી શીવાય કંઇ ન લેવુ જેથી આખી રાતમાં દવા લોહીમાંથી એસીડને છુટુ પાડશે જે સવારે ઉલટી દ્વારા હશે તો નિકળશે.

**સૂચના :** ઘણા વખતથી જો તમે વિલાયતી દવા લેતા હો તો ચાલુ રાખવી અને આ ૧૨ નિર્દોષ દવા સાથે એ વિલાયતી દવાની વચ્ચે ૩૦ મિનિટનું અંતર રાખીને લેતા રહેવી. એક મહત્વની બાબત સમજીલો કે, તમે જે ડોકટરની દવા લો છો એ બીજાની લખેલી પુસ્તકો વાંચી ને ડોકટરો થયા છે. ૭ થી ૧૦ વર્ષ ભણીને તૈયાર થએલા જો એ ડોકટરો ખરેકર જાણતા હોય કે શું ખાવાથી રોગ થાય છે? તો તો એ ભણેલા ડોકટરો જીવનમાં માંદા પડત નહી અને આપણી જેમ રોગથી તરફડીને મરત નહી. બિચારા ડોકટરો મનથી સેવા કરે છે પણ તેવો પણ સખત માંદા પડે છે! શા માટે? એ છેલ્લે વાંચો. પ્રથમ એ જાણીલો કે, કોઇપણ રોગ એક રાતમાં આવતો નથી અને એક રાતમાં જતો નથી અને પથ્ય પડાતું ન હોય તો દવા લેવી જ નહી. ૧૫ દિવસ ધિરજ રાખીને દવા લીધા પછી જરા જેટલો પણ સુધારો ન દેખાય તો અન્ય નંબરની દવાનો ઉપયોગ કરવો. મારી લખેલી દવાથી જરા જેટલો પણ ફાયદો થાય તો, એ દવા ૯૦ દિવસ લઇ બંધ કરવી, કારણકે શરીરમાં અમુક ક્ષાર વધી જાય ત્યારેજ રોગ થાય છે. તમારા રોગને જડમુળથી મટાળવા મનથી તૈયાર થવુ પડશે. જે અન્ય કે વિલાયતી દવા ઘણા સમયથી તમે લેતા હો એ દવાઓ ધીરેધીરે ૧ કે ૨ દિવસના અંતર લેવાની ચાલુ રાખવી કારણકે અંગ્રેજો એ પોતાની પુસ્તકો વંચાવી આધુનિક ડોકટરો તૈયાર કર્યા છે કે જેના દ્વારા તમારા શરીરને વિલાયતી દવાની આદત પાડવામાં આવી હોય છે. ૧૫ દિવસમાં ફાયદો થાય પછી તમેજ તમારા

ડોક્ટર બનીને જરાપણ ગભારાયા વગર એ ઝેરી દવા ધિરેધિરે સાવજ છોડી દેશો તોજ રોગ નાબુદત થશે. ૧૫ દિવસમાં તમેજ તમારા ડાૅક્ટર બનીને ખાવાની બાબતમાં ફેરફાર કરી જુવો કે, કયો ખોરાક તમારા શરીરમાં તકલીફ ઉભી કરે છે? એ ખોરાકને બંધ કરો, એજ સાચી દવા અને નિરોગી જીવન જીવવનો સાચો માર્ગે છે, કારણકે પ્રભુજીએ મફતમાં આપેલું શરીર એ કચરો ભરવાનો ડબ્બો નથી, કે જીંદગીભર ઝેરી દવા કે આ ૧૨ દવા ખાઇને જીવવું પડે.

હવે મુખ્ય બાબત સમજો કે, શા માટે સજીવ ખેતીનો ખોરાક જ લેવો જરૂરી છે? કારણકે આધુનિક ખેતીથી શરીરને વધુ પડતા ફક્ત ત્રણ (N.P.K.) જ ક્ષાર મળે છે અને એ પણ ઝેરી! તો પછી શરીરને જોઇતા બાકીના ક્ષારનું શું? આના માટે જ સજીવ ખેતીનું ઉત્પાદન જરૂરી છે. સંપૂર્ણ શુધ્ધ ૧૨ તત્વો મેળવાની માહિતી મારી લખેલી પુસ્તકમાં વાંચવા વિનંતી છે. એ પુસ્તકમાં લોકોને ‘ભગવાન’ ના સાચા દર્શન, એની કાર્ય પધ્ધતી, વૈજ્ઞાનિક ઠોસ પુરાવા, ઓછામાં ઓછો ૯૦૦% નફો અને ગમે તે રોગો મટાડવાની માહિતીઓ વિસ્તાર પૂર્વક ગુજરાતીમાં મે લખી છે.



‘ભગવાન’ એ રચેલી કુદરતી યોજનાની વિરૂધ્ધ જઇને, જીવ-જતું અને પશુની હત્યા કરવાથી, ખેતીમાં રાસાણિક ખાતર વાપરવાથી, નવાનવા બંધો બાંધીને વધુ માં વધું પાણી વાપરવાથી, પાક ઉપર ઝેરી દવાઓ ઝાંટીવાથી અને જરૂરી ઘાસને જમીનમાંથી વારંવાર ઉખેડીને કાઢવા જેવા, આધુનિક કૃષીના ખોટા કામો કરવાથી, દેશની હાલત ઉપર આપેલા ફોટા જેવી થવાની છે. હવે પછી ખેતરમાં પાક ઉગશે નહી અને વન્સપતીનું નામો નિશાન ખલાસ થઇ જશે, આ શબ્દ છે સ્વ.શ્રી સાવેજી ગુરૂજીના. એમની કહેલી વાત અને એ બબાતનો ઠોસ પુરાવો છે પંજાબ. ભારતનું પંજાબ એક એવુ રાજ્ય છે જ્યાં સૌવથી વધારે ઝેરી ખાતર અને દવાનો ઉપયોગ થાય છે અને એના ઉત્પાદનો ખાવાથી ત્યાંના લોકોને સૌવથી વધારે કેન્સર થાય છે. આવી પરિસ્થિતી દેશની થાય એ પહેલા જાગી જવાની જરૂરીયાત છે અને એમાંથી બચવાનો એકજ ઉપાય છે સજીવ ખેતી કરવાનો અને ઉપર જણાવેલી ૧૨ દવાનો ઉપયોગ કરવાનો.

દરેક જણ ખાલી હાથે આવ્યા છે અને ખાલી હાથે જવાના છે માટે જીવનમાં કંઇ એવુ કરીને જાવ કે દૂનિયા તમને યાદ રાખે. આ વિનંતી પાછીપાછી કરવાનું કારણ એ છે કે, અમે ઉમરગામમાં ૨૦ વર્ષથી એક ટ્રસ્ટ ચલાવતા હતા અને સજીવ ખેતીની દવાથી કેન્સર સારૂ કરતા હતા. અમારા કામને જોઇને ગુજરાત સરકારે ફંડ નહી ફક્ત ૫ એકર જમીન હોસ્પીટલ બાંધવા આપી હતી. ભારતમાં આવી પ્રથમ હોસ્પીટલ બાંધવા ટાટા જેવા અનેક મોટા ટ્રસ્ટનો અમે સંપર્ગ કરલો, પણ સાથ ન મળતા, દવા આપવાનું કામ અમે બંધ કર્યુ અને જગ્યા સરકારને પાછી આપી દિધી. દવા અને કૃષીની માહિતી હોવા છતાં, દેશમા એક બીજાનો સાથ ન મળવાને કારણાજ માનવી એ રિબાઇ રિબાઇને મરવુ પડે છે.

આપનો સેવક

**અશોક સંઘવી** (ફક્ત સોમવાર થી શુક્રવાર બપોરે ૨ થી ૪ Mobile: +91 9821169907)